# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૨ તા.૦૯-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- જ્ઞાનસેતુ (બ્રિજ કોર્સ-ક્લાસ રેડિનેશ),કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦(CCC.2.0),ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લીમિટેડ (GET)-G-SHALA (Gujarat Student's Holistic Adaptive Learning App) ના શુભારંભ/ઉદઘાટન કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ :- નં.સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૨૦૨૧/૧૮૫૮૦-૬૮૩ તા.૯-૬-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, જ્ઞાનસેતુ (બ્રિજ કોર્સ-ક્લાસ રેડિનેશ) કાર્યક્રમ તા.૧૦ જૂન-૨૦૨૧ થી તા.૧૦ જુલાઈ-૨૦૨૧ દરમ્યાન યોજાનાર છે. આ કાર્યક્રમનો શુભારંભ **તા.૧૦ જૂન-૨૦૨૧ના રોજ દૂરદર્શન કેન્દ્ર ડી.ડી.ગીરનાર મારફત સવારે ૯-૦૦ કલાકથી** માન.મુખ્યમંત્રીશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી , માન. રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના આર્શીવચનથી થનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ ડી.ડી.ગીરનાર ઉપરાંત બાયસગ, માઈક્રોસોફ્ટ ટીમ ઉપરાંત યુટ્યુબ લાઈવથી થનાર છે.

શિક્ષણ વિભાગ મારફત ગુણવત્તા સુધારણા, ફિલ્ડ સ્ટાફના મોનીટરીંગ, રીયલ ટાઈમ ડેટા વગેરે બાબતો માટે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવનાર છે. અતિઆધુનિક ટેકનોલોજી સભર અને અતિઆધુનિક ભૌતિક સુવિધાઓ સાથે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ૨.૦ (CCC.2.0),તૈયાર કરવામાં આવેલ છે. આ CCC.2.0નું લોકાર્પણ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે **તા.૧૦ જૂન-૨૦૨૧ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે CCC.2.0 સેકટર-૧૯ ગાંધીનગર ખાતે થનાર છે.** આ કાર્યક્રમમાં માન.શિક્ષણ મંત્રીશ્રી તેમજ માન. રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પણ જોડાનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ ડી.ડી.ગીરનાર ઉપરાંત બાયસેગ, માઈક્રોસોફ્ટ ટીમ ઉપરાંત યુટ્યુબ લાઈવથી થનાર છે.આ કાર્યક્રમની સાથે સાથે ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજી લીમીટેડ(GET)-G-SHALA (Gujarat Student's Holistic Adaptive Learning App) નું પણ ઉદ્ઘાટન થનાર છે.

તમામ મદદનીશ શાસનાધિકારીશ્રીઓ, સુપરવાઈઝરશ્રીઓ,યુ.આર.સી. તથા સી.આર.સી. કો.ઓ., મુખ્ય શિક્ષકશ્રીઓ અને શિક્ષક મિત્રોએ આ કાર્યક્રમમાં ફરજિયાત નિહાળવાનો રહેશે.

તા.૦૯-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૨૨-A તા.૦૯-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- નેશનલ FLN મિશન અંતર્ગત પ્રજ્ઞા ઓનલાઈન તાલીમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જશભ/તાલીમ/૨૦૨૦-૨૧/૧૦૯૧-૧૦૯૮ તા.૯-૬-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, જીસીઈઆરટી ગાંધીનગર દ્વારા નેશનલ FLN મિશન અંતર્ગત ધોરણ ૧ થી ૩ના વિદ્યાર્થીઓને વાંચન લેખન અને ગણન જેવા પાયાના કૌશલ્યો શિખવવા માટે પ્રજ્ઞા ઓનલાઈન તાલીમનું આયોજન કરેલ છે. માર્ચ-૨૦૨૧ દરમ્યાન ધોરણ-૧ અને ૨ના શિક્ષકો માટે આ તાલીમનું આયોજન કરેલ હતું. આ તાલીમમાં બાકી રહી ગયેલા ધોરણ ૧ થી ૨ના શિક્ષકો, સી.આર.સી. અને યુ.આર.સી.કો.ઓ.શ્રીઓએ દીક્ષા પ્લેટફોર્મ ઉપર તાલીમ મેળવવાની રહેશે.

તા.૦૯-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી